

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચા-નાસ્તા, 'મસાલા' મળે મફત છે માતાજી કૃપા,*
*સેવા ને સારવાર મળે મફત, માતાજી કૃપા,*
*મળે સ્નાન-પ્રક્ષાલન-આરામ છે માતાજી કૃપા,*
*મૈત્રી-સંબંધો સાંધે છે પદયાત્રા, માતાજી કૃપા*
*(પદયાત્રીઓની સંકલ્પ સાથે સિદ્ધિ)*

હાઈકુ

*કથરોટમાં*
*રહ્યું નથી કૈં, કરો -*
*આ પદયાત્રા!*
*(મન ચંગા માં માલ નથી)*

*સ્થાનકમાં તો*
*'માં' મળતાં જ નથી -*
*ચાલતા જાવ!*
*(ઘેર ઘેર સ્થાપના!!)*

### ચિંતન

*બોલના કાસે બોલિયે (રે) ભાઈ બોલત હી સભ તત્ નસાઈ ।*
*બોલત બોલત બઢઈ બિકારા, સો બોલિયે જો કૈ બિચારા ॥*

**ઉપરોક્ત સાખી કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**હે ભાઈઓ !! કોની સાથે બોલવું ? અનાધિકારી પુરુષની સાથે બોલવાની વાતવાતમાં વાંધો પડી જાય છે. વાતનો સાર ઊંડી જાય છે, અને પોતાની શાંતિનો પણ ભંગ થાય છે. દુર્જન સાથે વાત કરવાની તો કડવાશ જ વધે છે, વાત પણ વિચાર કરે અને તેના ચિત્ત માં કોઈ વિક્ષેપ ઊભો ન થાય.**

**અયોગ્ય પુરુ, ને વધારે ઉપદેશ આપવો ન જોઈએ, કારણ કે ઉપદેશ સફળ થતો નથી. માત્ર વાણીને વ્યર્થ થાય છે. બહુ થોડું અને સારૂરૂપ બોલવું એમાં બુદ્ધિમાની છે. મૂર્ખાને ઉપદેશ આપવાની તો સર્વથા મનાઈ છે.**

### સુવિચાર

- ડાહ્યો માણસ કદાચ સાચા ઉત્તરો ન આપી શકે, પણ એ સાચા પ્રશ્નો ખડા ખરે છે - **સંત ફ્રાન્સીસ**
- જીવનનું દ્વાર તો સીધું છે, પરંતુ માર્ગ અત્યંત સંકીર્ણ છે - **જનકલ્યાણ**
- જે ખરેખર ડાહ્યો છે તેને શાબાશીની ગરજ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- દાન જ ધર્મનું પુર્ણત્વ તેમજ તેનું આભૂષણ છે - **ફાધર વર્ગીસ**
- હતાશ માણસો અને હોંશિયાર જયોતિષીઓ આ દુનિયામાં હશે ત્યાં સુધી જયોતિષ શાસ્ત્રનો કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી - **વિનોદ ભટ્ટ**
- ચર્ચા કે તર્ક નો હેતુ જીતવાનો નહિ, પણ રસ્તો સાફ કરી આગળ વધવાનો હોવો જોઈએ - **સરદાર પટેલ**
- આજનું ઔષધ : બટેટાની છાલને ચહેરા પર ઘસવાથી સુંવાળી ચામડી થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

અંગ્રેજી ભાષાનો સૌથી પહેલો સંપૂર્ણ શબ્દકોશ તૈયાર કરનાર ડૉકટર ચેમ્યુઅલ જોન્સન હતા. આંખો તેમની નાનપણમાં જ જતી રહી હતી. સાવ અંધ હતા છતાં એમના નાના ભાઈની મદદથી શબ્દોશનું કામ ઉપાડ્યું. રાતદિવસ મહેનત કરી. પાંચ વર્ષમાં શબ્દકોશનું કાણ પૂર્ણ કર્યું હતું.

આજ વર્ષોમાં ફ્રાન્સ દેશની અકાદમીએ ફ્રેંચ ભાષાનો શબ્દકોશ તૈયાર કરવાની કામગીરી શરુ કરી હતી. એમણે ચાળીશ વિદ્વાનોને આ કામગીરી કરવા કહ્યું હતું. જે ચાળીશ વિદ્વાનોએ દસ વર્ષ કામ કર્યું તે કામ ડૉકટર સેમ્યુઅલ જોન્સને પાંચ વર્ષમાં પુરું કર્યું હતું. ડૉકટર સેમ્યુઅલની કામ કરવાની શક્તિ, ધગશ અને કામની લગની ગજબ કહેવાય.

જે પુલ આસામમાં નવ વર્ષથી તૈયાર થતો ન હતો. તે 'નકસલી' ભયમાં નવ માસમાં તૈયાર થઈ ગયો - પ્રેરણા - ઉત્સાહ જ કામ કરવાની શક્તિ આપે છે.

# હજુ, સક્ષમ વિકલ્પ જ નથી

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે મજાક કરતી કોમેન્ટ્સના મારા વચ્ચે પણ એમનાં કેટલાંક મૌલિક પગલાંન તો ખુદ રાહુલ ગાંધીએ પણ વખાણવાં પડે છે તે એમના ત્રણ વર્ષના શાસનકાળની ઉપલબ્ધિ જ ગણવી રહી. બધાએ એકી અવાજે એમના સ્વચ્છતા અભિયાનની પ્રશંસા કરી છે. ભારત જેવા વસતિથી ખદબદતા દેશમાં જાપાન કે અમેરિકા-યુરોપ જેવા વિકસિત અને સુસંસ્કૃત દેશો જેવી સ્વચ્છતાનો આગ્રહ રાખવો તે જરા વધારે પડતું જ ગણાશે. સ્વચ્છતા એક પ્રકારની સેલ્ફ ડિસીપ્લીન છે, જે ઉપરથી થોપી દેવાથી ન આવી શકે. એ તો અંદરથી ઊગવી જોઈએ. ગાંધીજીએ જાતે ઝાડુ હાથમાં લઈ આશ્રમ પરિસરની સફાઈ કરવાનું શરું કર્યું એટલે એમની સાથે જોડાયેલા સંભ્રાન્ત પરિવારના જવાહરલાલ નહેરુ જેવા નબીરાઓએ પણ સફાઈ યજ્ઞમાં જોડાવું પડ્યું હતું. મોદીએ વડાપ્રધાન પદનાં સૂત્રો હસ્તગત કરતાંની સાથે જ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી વખતે કોઈ મોટા અને આકર્ષક કાર્યક્રમોની જાહેરાત કરવાને બદલે સ્વચ્છતા કાર્યક્રમનો સૂત્રપાત કરી ઘણાને અચંબામાં મૂકી દીધા હતા. વળી એ કાર્યક્રમને સારો એવો લોક પ્રતિસાદ પણ સાંપડ્યો હતો. દેશનાં તમામ ગામોને ખુલ્લામાં શૌચ જેવી શરમજનક બાબતથી મુક્તિ અપાવવાનો એમનો સંવેદનાસભર આગ્રહ પ્રમાણમાં સારી રીતે આગળ વધી રહ્યો છે, તેની નોંધ લેવી જ રહી. હમણાં એમના મત વિસ્તાર વારાણસીની મુલાકાત વખતે ઉત્તર પ્રદેશમાં બે નોંધપાત્ર કાર્યક્રમોમાં હાજરી આપી, જેમાં શહેંશાહપુરમાં પોતે જ શૌચાલય સંકુલની સફાઈ કરીને એમણે દાખલો બેસાડ્યો છે. સ્વચ્છતાને પોતે પૂજા ગણાતા હોવાનું જણાવી પહેલાં શૌચાલય પછી દેવાલય જેવા રૂપકડા વિધાનનું જ સમર્થન કર્યુ છે. બીજી તરફ પાર્ટીના હિંદુત્વ કાર્ડને પણ એમને જીવંત રાખવાની ચેષ્ટા કરી છે. ભગવાન રામચંદ્રના જીવનપ્રસંગોને આવરી લેતા ટપાલ ટિકિટ શ્રેણીનું લોકાર્પણ સ્પષ્ટ રીતે પાર્ટીના મૂળ જનાધારની જ આલબેલ પોકારે છે. પશુ આરોગ્ય મેળાનું ઉદ્‌ઘાટન કરતી વખતે બીજા કોઈ નેતાએ ભાગ્યે જ કર્યું હોત એવું મૌલિક અને સંવેદનશીલ વિધાન કરીને મોદીએ એમના ક્રિએટીવ અભિગમનો પરિચય આપ્યો છે. પશુઓને મતાધિકાર નથી એટલે રાજકારણીઓ એમની ઉપેક્ષા કરતા રહ્યા છે. અલબત્ત, મોદી જાણે છે કે ભલે પશુઓને મતાધિકાર ન હોય પરંતુ પશુપાલકોને આકર્ષવા માટે તો આવા પશુમેળા મદદરુપ નીવડે જ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સપનાનાં સોદાગર' છે. એ પ્રજાને બહુ રૂપકડા ભવિષ્યનાં સપનાં બતાવી જાણે છે. વળી એ સ્વપ્નસિદ્ધિ માટે પણ પાંચ વરસનો સમયગાળો નક્કી કરે છે. તેઓ ભૂલથી પણ એમ નથી કહી દેતા કે મારી ટર્મ પૂરી થતાં પહેલાં આ વાયદા પૂરા થઈ જશે. દેશના ગરીબોને ઘરનું ઘર મળી રહેશે, પણ ૨૦૧૯ સુધીમાં નહીં - એ માટે એમણે ૨૦૨૨ સુધી તો રાહ જોવી જ પડશે. આમ કહીને તેઓ આ 'ભગીરથ' કાર્ય કે જે 'માત્ર અને માત્ર મોદી' જ કરી શકે એમ છે - એ માટે વધુ એક ટર્મની આડકતરી શરત પણ મૂકી જ દે છે. એની સામે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અત્યંત નિખાલસતાપૂર્વક કબૂલતા કરે છે કે પ્રજાએ કોંગ્રેસને ફેંકી દીધી એનું કારણ એ હતું કે એને અભિમાન ચડી ગયું હતું. પોતે વંશપરંપરાના રાજકારણી છે એના સમર્થનમાં તેઓ મુકેશ અંબાણી, અભિષેક બચ્ચન, સ્ટાલિન અને અખિલેશ યાદવ જેવાં ઉદાહરણ આપી દેશમાં બાપનું સ્થાન દીકરો લેતો રહેતો હોવાની પરંપરાની વાત કરે છે. એ સંદર્ભે મોદી સેલ્ફ મેઈડ લીડર હોવાનો અને સામાન્ય પરિરમાંથી પ્રજા સમર્થન મેળવી સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા હોવાની વાત કરે ત્યારે સ્વાભાવિક રીતે જ એ સહાનુભૂતિને પાત્ર ઠરે છે. વિપક્ષ પાસે મોદીની ભુરકીનો વિકલ્પ જ કયાં છે?

# કાયદેસર, ગેરકાયદેસરના વ્યવહારોની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરવી ફરજીયાત




રેવન્યુ એકાઉન્ટસ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ દરેક વ્યવહારોની નોંધ રેવન્યુ રેકર્ડમાં થઈ શકે છે દરેક વ્યવહારની નોંધ ગામના નમુના નં. ૬ ના પત્રકમાં તલાટી દ્વારા થઈ શકે છે પછી ભલેને આવા વ્યવહારો ગેરકાયદેસરના તથા કોન્ટ્રાકટ એકટ તથા રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓ વિસંગત હોય એકવાર આવા વ્યવહારની નોંધ રેવન્યુ રેકર્ડમાં તલાટી દ્વારા કરવામાં આવ્યા બાદ આવી નોંધ ઈધારા મામલતદાર દ્વારા વાંધેદારને લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫(ડી) અંતર્ગત નોટીસ પાઠવી જેને આવી નોંધો સામે વાંધો હોય તો રજુઆત કરવા તક આપવામાં આવે છે. જો કોઈ પક્ષકારને આવી નોંધો સામે વાંધો હોય તો દિન-૩૦ માં મામતલદારશ્રીને લેખીતમાં પુરાવા સહ વાંધા રજુ કરવામાં આવતા તકરારી નોંધ તરીકે નિર્ણય પુરાવા લીધા બાદ જ કરી નોંધ પ્રમાણિત કરવામાં આવે છે અગર તો રદબાતલ જાહેર મામલતદારશ્રી દ્વારા કરવામાં આવે છે.

જો કોઈપણ નોંધ ગેરકાયદેસર કે ખોટી હોય તલાટી દ્વારા જ રદ કરવામાં આવે અગર તો એન્ટ્રી પાડવાની મનાઈ ફરમાવામાં આવે તો એન્ટ્રી કાયદેસર છે કે ગેરકાયદેસર તે તલાટી મુનસુફી ઉપર આધાર રાખતો હોય તલાટીને સર્વ સત્તા આપવા જેવું ગણાય અને તલાટી મનસ્વી રીતે નોંધ પાડે યા ના પાડે તેથી અરજદારને અન્યાય થાય આથી સરકારે દરેક નોંધ વ્યવહારની નોંધ તલાટીએ ફરજીયાત પાડવી જ તેવો પરિપત્ર બહાર પાડી સૂચના આપેલ છે. જે મુજબ દરેક ખોટા, ખરા વ્યવહારની નોંધ તલાટીએ ૬ હક્ક પત્રકમાં રેવન્યુ રેકર્ડમાં પાડી તેની જાણ મામલતદારને કરી પક્ષકારોને રેવન્યુ કોર્ડની કલમ ૧૩૫(ડી) મુજબ નોટીસ પાઠવવી ફરજીયાત ઠરે છે.

જો તલાટીના કોઈપણ જાતના વ્યવહાર કે નોંધ સરકારને ગેરકાયદેસર લાગે અગર ખોટી નોંધ લાગે તો પક્ષકારોને રજુઆત કરવાની તક આપી પુરાવા ધ્યાને લઈ નોંધ રદ બાતલ જાહેર ઠરે જે કેસમાં સરકાર પક્ષકાર હોય તેવા કિસ્સામાં સરકાર વત્તી મામલતદારે સરકારનો પક્ષ લઈ યોગ્ય કાર્યવાહી રેવન્યુ કોર્ડની કલમ ૧૩૫(ડી) મુજબ કરી નોંધને અસર આપવાની થાય. નોંધ પ્રમાણિત કરનાર અધિકારી આવા વ્યવહારની કાયદેસરતા વિશે ચકાસણી કરી પ્રાથમીક રીતે ગેરકાયદેસર માલુમ પડે તો વ્યવહાર રદબાતલ ઠરાવી નોંધ અપ્રમાણિત કરવી જોસએ.

સરકારશ્રીના પરિપત્ર મુજબ જમીન અંગેના વ્યવહારો દરેક રજીસ્ટ્ર થવા ફરજીયાત છે પરંતુ મોઢાના કરારો અથવા અંદરો અંદરના અનરજીસ્ટ્રર વ્યવહારો મોર્ગેજ કે લોન સબંધી ના કરારોની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરવામાં ના આવતા છેતરપીંડીના બનાવો પ્રકાશમાં આવતા મીલ્કત વેચાણ લેનાર છેતરાય નહી તે માટે આવા બેનામી કે મોઢાના કરારોની નોંધ રેવન્યુ રેકર્ડમાં કરેલ હોય તો તમામ કાયદેસર, ગેરકાયદેસર વ્યવહારોની જાણ વેચાણ લેનારને થાય જેથી છેતરપીંડીના બનાવો ના બને અને આવી નોંધ ગેરકાયદેસર કે ખોટી હોય તો મામલતદાર દ્વારા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫(ડી) બજાવ્યા બાદ પુરાવા લઈ નિર્ણય કરી પ્રમાણિત કરે અપ્રમાણિત જાહેર કરવામાં આવશે.

તારીખ : ૨૫/૫/૧૯૬૬ પહેલાની નોંધો હક્ક પત્રકમાં દાખલ થઈ ગયેલ હોય અને પ્રમાણિત કરવાની બાકિ હોય તેના માટે રજીસ્ટ્રેશનનો આગ્રહ ના રાખતા આવી નોંધો ગુણદોષના આધારે પ્રમાણિત કરવા મામલતદારશ્રીને સરકારશ્રીએ જણાવ્યું છે.

જે વ્યવહારો પ્રમાણિત કરવા પાત્ર છે પણ રજીસ્ટ્રક થયા ના હોય તે અંગેની તારીખ : ૨૫/૫/૧૯૬૬ પછીની નોંધોને પક્ષકારોને રજીસ્ટ્રર કરવાની ખબર આપી નોંધ ના મંજુર

**અનુસંધાન પાના નં. ૭ પર**

# કોઈના જીવનની અંધારી રાતોને અજવાળવી... એ પણ એક નવરાત્રિ જ છે...

***કોઈના જીવનની અંધારી રાતોને અજવાળવી...***
***એ પણ એક નવરાત્રિ જ છે...***



નવલી નવરાતના દિવસો ચાલી રહ્યા છે ત્યારે નાના-મોટા સૌ પોતપોતાની રીતે તહેવારના આ દિવસો માણી રહ્યા છે. સૌથી લાંબો ચાલનારો આપણો આ નૃત્ય મહોત્સવ ગમે તેટલા **Western wear** પહેરનારા યુવામિત્રોને પણ સુંદર પારંપારીક ચણીયાચોળી અને ધોતી-કુર્તો પહેરતા કરી દે છે. યુવાનો રંગે-ચંગે આ તહેવારની ઉજવણી કરે છે. યૌવન તો હેલે ચઢ્યું જ છે પણ સાથોસાથ દરેક ઉંમરના લોકો પોતપોતાના ગ્રુપમાં ગરબાની મજા માણે છે. રાત્રે તૈયાર થઈને ગરબે ઘૂમવું અને દિવસે રોજિંદા કામકાજમાં વ્યસ્ત રહેવું અને તેમ છતાં તહેવારને સંપૂર્ણપણે માણવા સક્ષમ હોવું એ આપણો તહેવાર પ્રત્યેનો ઉત્સાહ સૂચવે છે. જનરેશન ગેપ અને સમાજમાં આવી રહેલા ઝડપી પરિવર્તનની ફરિયાદ કરનારા આપણે સૌ પણ આ તહેવારને હળીમળીને ઉલ્લાસપૂર્વક ઉજવણી છીએ.

આપણો આ સમાજ પુરુષપ્રધાન હોવા છતાં કેટકેટલા વર્ષોથી આપણે નારીશક્તિના પ્રતિક સમો નવરાત્રીનો આ તહેવાર ભાવપૂર્વક ઉજવીએ છીએ. આદ્યશક્તિનું મહત્ત્વ અને સ્ત્રી સશક્તિકરણનું મૂલ્ય વર્ષોથી આપણે સૌ જાણતા હોવા છતાં તેનો ખરો અર્થ હવે સાર્થક થયો હોય તેમ જણાય છે. નવરાત્રિનું વિશેષ મહત્ત્વ માત્ર ગરબા કરવા કે પૂજાપાઠ કરવા સુધી જ સીમિતમાત્ર નથી. નવરાત્રિ એટલે વ્રત, જપ, તપ અને સંયમનું પણ પર્વ અને નવરાત્રિ એટલે સમાજમાં વ્યાપી રહેલા કુરિવાજો અને દૂષણરૂપી અંધકાર સામે નારીશક્તિરૂપી નાનકડા દીવડાને પ્રજ્વલિત કરવાનું પણ પર્વ. કવિશ્રી 'કાગબાપુ' લખે છે તેમ,

"માડી ! કૈંક... માનવી મનના મેલા, પાઘડીયું તારે પગે ધરે રેજી.
માડી ! તારી છબીઉં ઘરમાં ચોડે, કીધેલું તારું નવ કરે રે રેજી."
અને
માડી ! એ તો ભાગ્યની વાતું ભાખે, ને કમાવાની નિંદા કરે રે જી
માડી ! એનો ઓલાતો જીવડો જાગે, આશિષ એવી આપજે રે જી.

આપણે સૌ જાણીએ છીએ અને અનુભવીએ જ છીએ કે કેટલાય મનના મેલા દંભી ભક્તો માના ચરણોમાં પાઘડીઓ મૂકી પગે લાગે છે અને માની છબી પોતાના ઘરોમાં ટાંગે છે. પણ એ કહેવાતા ભક્તો માની આજ્ઞાનું પાલન કરતા નથી. દારૂ આદિ વ્યસનોની ઘંટીઓમાં પીસાઈ ગયેલા, સર્વનાશના પંથે ચડેલા એ દંભીઓનાં હૃદયોમાં સુખશાંતિની વાડીઓ લહેરાતી નથી, પણ તેમાં સ્મશાનની રાખ ઊડે છે. બીજાઓનો, તથા પોતાનો જેમણે વિનાશ કર્યો છે, એવા એ દંભીઓનો આત્મા ઉજ્જડ વેરાન બની ગયો છે. અને જે અન્યનું અહિત ઈચ્છે એનો પોતાનો આત્મા પણ સાવ રંક જ હોય છે. કાગબાપુ કહે છે તેમ હે મા ! લોકો પુરુષાર્થની, કમાવાની શુભ પ્રવૃત્તિની નિંદા કરે છે અને નસીબદારની પ્રશંસા કરે છે, એવી આળસુ પ્રમાદી બન્યા છે. તો પણ હે જગદંબા! આપ એમના પર કૃપા કરજો. એમના બુઝાઈ ગયેલા આત્મદીપ ફરીને પ્રગટે, ફરીને પ્રકાશિત થાય અને દંભ, પ્રમાદ, વ્યસનો, અજ્ઞાન છોડીને તેઓ પુરુષાર્થના પુણ્ય પવિત્ર માર્ગે પ્રણાય કરે, તેવા શુભાષિત એમને આપજો. એમ પ્રાર્થના છે.




નવરાત્રિનું આ પર્વ આત્મચિંતન અને મનોમંથનનું પર્વ બની રહે છે અને આપણા અંતરાઆત્મામાં રહેલી જયોત પુનઃ પ્રજ્વલિત થઈ ઉઠે તો જ આ પર્વની સાચી ઉજવણી કરી ગણાય. મન વચન અને કર્મથી કરેલી ભૂલો કે અપરાધનું પોટલું દરેક પોતાના માથે બોજરૂપે લઈને ફરે છે. ત્યારે એ બોજમાંથી મુક્ત બનીને માના ચરણોમાં પોતાનું અસ્તિત્વ અર્પણ કરવાનું પર્વ એટલે જ આ નોરતાનું પર્વ. આપણે જાણીએ જ છીએ કે છોરુ કછોરુ થાય પણ માવડી કયારેક બાળકોના પ્રત્યે પોતાનું મમત્વ મૂકી શકતી નથી. નવરાત્રિના આ પાવન પર્વે આપણે સૌ મા જગદંબાને વંદન સાથે અરજ કરીએ કે આપણને અંધકારથી ઉજાસ તરફ દોરી જાય. જગત્જનની જગદંબાને પામવું એ એક સૌભાગ્યની બાબત છે અને કેટકેટલા ઋષિમુનિઓ તેમજ તપસ્વી તેના માટે તપ-જપ કરે છે. પણ આપણે એક સંસારી તરીકે અને માના સંતાનરૂપે આપણા રોજબરોજના કાર્યો પણ પૂરી સચ્ચાઈથી અને માના ચરણોમાં અર્પણ કરી રહ્યા હોઈએ તેમ કરીને તો માની કૃપાદષ્ટિ આપણા પર અવશ્ય વરસતી રહે. જયારે અજ્ઞાન અને અનીતિરૂપી ઘોર અંધકારમાં વિપતરૂપી વીજળીના કડાકા થાય અને આપણા મનના નદી નાળામાં (વિચાર અને લાગણીઓમાં) વિપત્તિના પૂર આવે, ત્યારે પોતાના સેવકો - ભક્તો અને બાળકોની સહાય કરવા મા ખુલ્લા પગે દોડી આવે છે. જગતજનની જગદંબા મા અને અમે આપનું દિવસ-રાત સ્મરણ કરીએ છીએ. બાળકોના મનના વિકાર, દુર્ગુણનો વિનાશ કરી તેમને સત્યના પંથ પર દોરી જવા મા જ તેની દિશાસૂચક અને પથદર્શક બને છે. તો આ નવરાત્રિનું પર્વ એ માત્ર એક નૃત્ય મહોત્સવ ન બની રહેતા આપ સર્વેને જગત્જનનીના સાક્ષાત્કાર કરાવતું પર્વ બની રહે એ જ શુભકામનાઓ.

**Last seen :**

માડી ! મેં તો ગીતનો હારલો ગૂંથ્યો, પોગાડું કેમ કંઠડે રેજી,
માડી ! મેં તો આભમાં મીટડી માંડી, આંખડીઉં ઓછી પડી રેજી.
માડી ! તું તો આભથી એવડી ઊંચી, કે આજ મને ખબર પડી રેજી,
માડી ! હું તો થાકી ગ્યો દુબળે દેહેં, બેસી ગ્યો તારે પાયેપડી રેજી

**- કવિ 'કાગ'**

*- nehalgadhavi101@gmail.com*

# વડા પ્રધાન મોદીને બુલેટ ટ્રેનનો યશ : વિદૂષક લાલૂ એના જનક

ભારતની અર્થવ્યવસ્થા મજબૂત છે. વિદેશી દેવાંની સ્થિતિ પણ સુધારા ભણી છે અને લોકશાહી દેશ છે એટલે જાપાન જેવા લોકશાહી રાષ્ટ્ર સાથે મુંબઈથી અમદાવાદની બુલેટ ટ્રેન સહિતના જાપાની ધિરાણ સાથેના પ્રકલ્પોમાં વાંધો આવે એવું નથી. જોકે જાપાન અને ભારત વચ્ચેના ધંધાનું પ્રમાણ ઝાઝું નથી. ચીન સાથે ભારતની આયાત-નિકાસનો જે વ્યવહાર છે એની તુલનામાં જાપાન સાથે નહીંવત છે. ફરક માત્ર એટલો જ છે કે જાપાન ભારતની જેમ લોકશાહી રાષ્ટ્ર છે અને ભારતને અત્યારે અમેરિકા સહિતના મિત્રોની ધરીમાં વિશ્વાસુ મિત્ર ખપે છે. વર્ષ ૧૯૯૨માં ગુજરાતમાં

- **ઊગતા સૂરજના દેશમાંથી અત્યાધુનિક મેગ્લેવ ટ્રેનને બદલે ૫૦ વર્ષ જૂની આથમતી ટૅકનોલૉજીવાળી ગાડી આવશે**
- **ધંધો વિસ્તારવા માટે જાણીતી જાપાની પ્રજા દુનિયામાં યહૂદી અને ચીનાઓની જેમ કંજૂસ-કાકડી મનાય છે**
- **૧૯૯૨માં મંત્રી રહેલા શક્તિસિંહ કહે છે કે નર્મદા માટે ધિરાણના કરાર કરી જાપાને હાથ ઊંચા કર્યા હતા**
- **વર્ષ ૨૦૦૯ના રેલવે બજેટમાં ગરીબરથ અને બુલેટ ટ્રેન શરૂ કરવાના આગ્રહી રહેલા લાલૂ હવે વિરોધમાં**

ચીમનભાઈ પટેલના નેતૃત્વવાળી કૉંગ્રેસ સરકારમાં સૌથી યુવાન મંત્રી એવા શક્તિસિંહ ગોહિલ એમના સમયગાળાનો જાપાન સાથેનો કડવો અનુભવ પણ કહે છેઃ નર્મદા યોજના માટે પર્યાવરણના મુદ્દે વિશ્વ બેંકે નાણાં આપવા હાથ ઊંચા કરવા માંડ્યા ત્યારે ગુજરાતને ધિરાણ સાટે પોતાનાં ટર્બાઈન વેચવાના કરાર કરનાર જાપાને પણ હાથ ઊંચા કરી દીધા હતા. સારું હતું કે ટર્બાઈન આવી ગયા હતા અને જાપાનની લોનમાંથી એનાં નાણાં ચૂકવવાનાં હતાં એટલે ગુજરાત એનું નાક દબાવી શકવાની સ્થિતિમાં હતું. અન્યથા શું થાત એ કહેવું મુશ્કેલ છે.

અંગ્રેજીમાં કહેવત છે કે 'ધેર ઈઝ નો ફ્રી લંચ'. દુનિયામાં કંજૂસકાકડી તરીકે નામાંકિત પ્રજામાં યહૂદી, ચીના અને જાપાની અગ્રેસર છે. ગુજરાતી ઉક્તિ 'ચમડી તૂટે પણ દમડી ના છૂટે' એ જ શ્રેણીમાં આવનાર જાપાનીઓ ભારતીય રેલવેની બુલેટ ટ્રેનોના પ્રકલ્પ માટે ૦.૧ ટકાના વ્યાજદરે ૬૦ વર્ષના સમયગાળા માટે ૮૮,૦૦૦ કરોડ રૂપિયાની લોન ભારતને આપે અને ૧ લાખ ૧૦ હજાર કરોડ રૂપિયાનો બુલેટ ટ્રેનનો પ્રકલ્પ હાથ ધરાય, એમાં ઝાઝા હરખાઈ જવાનું કશું નથી. વિદેશોને સરળ વ્યાજ દરે ધિરાણ આપવાના જાપાનની એજન્સી 'જિકા'ના વ્યાજદર ૦.૦૧ ટકાથી શરૂ થાય છે. એ દ્રષ્ટિએ તો ભારતને આ લોન ૦.૧ ટકાના વ્યાજ દરે મળે છે અને સાથે જ એનાં બુલેટ ટ્રેન સહિતનાં પ્રોડક્ટ ભારતે ખરીદવાનાં છે જ. ભારતભરની મેટ્રો રેલના પ્રકલ્પ પણ જાપાનને જ મળેલા છે. હજુ બુલેટ ટ્રેનના પ્રકલ્પની વિગતવાર માહિતી જાહેર કરાઈ નહીં હોવા છતાં આ રૂટ પર બુલેટ ટ્રેન વર્ષ ૨૦૨૨ સુધીમાં દોડતી થઈ જાય એવું તો જાહેર થયું છે. ઊગતા સૂરજના દેશમાંથી અત્યાધુનિક મેગ્લેવ ટ્રેનને બદલે ૫૦ વર્ષ જૂની આથમતી ટૅકનોલૉજીવાળી ગાડી આવશે. જાપાનની સત્તાવાર વેબસાઈટ દર્શાવે છે એ મુજબ ગુજરાતમાં ૩૦ સહિત ભારતમાં કુલ ૧૩૦૫ જાપાની કંપનીઓનો ધંધો ચાલતો રહે એ માટે જાપાન પોતાને ત્યાં નકારાત્મક વ્યાજના દર ચાલે છે ત્યારે ભારતને ૦.૧ % વ્યાજના સસ્તા વ્યાજ દરે અને લાંબી મુદતે પરત ચૂકવણીની શરતે આપશે. જોઈએ તેટલાં નાણાં આપવા એ તૈયાર રહે એ સ્વાભાવિક છે.

વર્ષ ૨૦૦૯-૧૦ના રેલવે બજેટમાં ગરીબરથની સાથે જ બુલેટ ટ્રેનની સુવિધા શરૂ કરવાનો વિચાર લાલૂ પ્રસાદે રજૂ કર્યો. જાપાનમાં જાન્યુઆરી ૨૦૦૯માં બુલેટ ટ્રેનમાં અસવાર થવાનો અનુભવ લઈ લાલૂ સ્વદેશ પાછા ફર્યા એટલે એમને બુલેટ ટ્રેનનું જોરદાર ઘેલું લાગ્યું. વચ્ચે ફ્રાંસ સાથે સમજૂતી થઈ, પણ અંતે જાપાન જ મેદાન મારી ગયું. અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ (આઈઆઈઍમ)ના પ્રાધ્યાપક જી. રઘુરામે સાવ ખાડે ગયેલા રેલવે તંત્રને પાટા પર લાવવા બદલ લાલૂ પ્રસાદની કીર્તિ વધારી એટલે છેક હાર્વર્ડ અને વ્હાર્ટન સુધીનાને લાલૂના ચમત્કારમાં રસ પડ્યો હતો. લાલૂએ ૨૦૦૯ના રેલવે બજેટમાં તો સૌપ્રથમ નવી દિલ્હીથી પટણા વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાનો વિચાર રજૂ કર્યો હતો. એ અંતરને કલાકના ૩૫૦ કિલોમીટરની ઝડપે ગાડી દોડાવીને ઓછા સમયમાં કાપવાનાં સમણાં તેમણે જોવા માંડ્યાં હતાં. લાલૂ પ્રસાદે ૨૦૦૯ના રેલવે બજેટમાં જ દિલ્હી-અમૃતસર, અમદાવાદ-મુંબઈ-પૂણે, હૈદરાબાદ-વિજયવાડા-ચેન્નઈ, ચેન્નઈ-બેંગ્લોર-અર્નાકુલમ અને હાવરા-હલ્દિયાના રૂટ પર બુલેટ ટ્રેન દોડાવવાની ઘોષણા કરી તો હતી, પણ અભ્યાસ અહેવાલ દિલ્હીથી પટણાની બુલેટ ટ્રેનનો શરૂ કરાવ્યો હતો. યુપીએની મનમોહનસિંહ સરકાર ગયા પછી મે ૨૦૧૪માં એનડીએની નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવી. સપ્ટેમ્બર ૨૦૧૭માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુલેટ ટ્રેનનું ભૂમિપૂજન કરે અને એ માટે જાપાનના વડા પ્રધાન શિન્ઝો આબેને અમદાવાદ તેડાવે ત્યારે દાયકા પહેલાં બુલેટ ટ્રેનના પ્રેમમાં પડેલા લાલૂ પ્રસાદ એનો વિરોધ કરે છે ! વડા પ્રધાન મોદી પણ જાપાનની મુલાકાતે ગયા ત્યારે બુલેટ ટ્રેનની સવારી કરી હતી. એમના પહેલાંના વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહ સપ્ટેમ્બર ૨૦૧૩માં જાપાનના વડા પ્રધાન આબે સાથે બુલેટ ટ્રેનના મુંબઈથી અમદાવાદના રૂટ માટે અભ્યાસ માટેના કરાર કરી આવ્યા હતા. જાપાન પાસે વિપુલ પ્રમાણમાં નાણા છે એટલે એણે ધિરાણ માટે પણ તૈયારી દર્શાવી હતી. બુલેટ ટ્રેનના અનેક રૂટ સાથે જ ભારતમાં ઠેર ઠેર મેટ્રો રેલવેના પ્રકલ્પ પણ જાપાન સાથે જ ચાલતા રહ્યા છે એટલે જાપાનને તો બેય હાથમાં લાડુ છે. ક્યારેક વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના પુત્ર સંજય ગાંધી એ વેળાના હરિયાણાના મુખ્ય પ્રધાન ચૌધરી બંસીલાલનો સાથ લઈને જાપાનની કંપની સુઝુકીના સહયોગમાં મારુતિ કાર બનાવવાનો પ્રકલ્પ આરંભતા હતા અને એ પછી તો મારુતિ સુઝુકીનું માર્કેટ ફાટફાટ થવા માંડ્યું. મોદી યુગમાં વધુ જાપાની ઑટોમોબાઈલ કંપનીઓ તોશિબા અને દેન્સો ભારતમાં આવીને ઉત્પાદન કરવા થનગને છે. જાપાનની બંધ થવાને આરે આવીને ઊભેલી એક ટીવી ઉત્પાદક કંપની તો ઈંદિરા યુગમાં ભારતના એશિયાડના ઑર્ડર થકી જ




**અનુસંધાન પાના નં. ૭ પર**